# 3 ત્રણ ઢીંગલીઓ

**ચર્ચાના મુદ્દા :**

- તમને ઉખાણાં પૂછવા અને તેના ઉત્તર શોધવા શા માટે ગમે છે ?
- તમે ઉખાણાંના ઉત્તર શોધવા માટે શેનો ઉપયોગ કરો છો ?

સારાં ગુણોવાળી વ્યક્તિ શ્રેષ્ઠ હોય છે, તેથી બીરબલે તે ઢીંગલીને સૌથી સારી માની, જે બીજાની વાતો ધ્યાનથી સાંભળે છે અને કોઈને કહેતી નથી.

અકબરના દરબારમાં એક કલાકાર આવ્યો. તેની પાસે એકસરખી ત્રણ ઢીંગલીઓ હતી. અકબરને તે ઢીંગલીઓ ઘણી પસંદ પડી. તેમની કિંમત પૂછવા છતાં કલાકારે કહ્યું કે તે વેચવા ઇચ્છતો નથી.



## ૨. નીચે આપેલ વાક્યો કોણ બોલે છે તે જણાવો.

૧. 'આ ઢીંગલીઓ હું તેને જ આપીશ જે આ ત્રણેમાંથી સૌથી સારી ઢીંગલી શોધીને બતાવશે.' કલાકારે

૨. 'આ ત્રીજી ઢીંગલી સહુથી સારી છે.' બીરબલે

૩. 'બીરબલે એકદમ બરાબર કહ્યું છે.' કલાકારે

૪. 'તારો કોઈ જવાબ નથી.' અકબરે

## ૩. યોગ્ય ઉત્તરની સામે ( ✓ ) ની નિશાની લગાવો.

MCQs

૧. કલાકાર કોના દરબારમાં આવ્યો ?

- ☐ રાજા કૃષ્ણદેવના
- ☑ અકબરના
- ☐ મહારાણા પ્રતાપના
- ☐ શિવાજીના

૨. કલાકાર પાસે કેટલી ઢીંગલીઓ હતી ?

- ☐ બે
- ☐ એક
- ☐ ચાર
- ☑ ત્રણ

## મૂલ્યવર્ધક પ્રશ્ન. (Value based question)

Values – respect –obedience

આપણે વડીલોની વાતો ધ્યાનથી શા માટે સાંભળવી જોઈએ ?

## ભાષાજ્ઞાન

• opposite

### ૧. વિરુદ્ધાર્થી શબ્દ લખો.

| | |
|---|---|
| બહાર - અંદર | પાસે - દૂર |
| આવવું - જવું | ગુણ - અવગુણ |
| સારું - ખરાબ | સુંદર - કદરૂપું |

## ૨. સમાનાર્થી શબ્દ લખો.

• Synonyms

| | | | |
|---|---|---|---|
| પ્રયાસ | - કોશિશ | હવા | - વાયુ, પવન |
| હાથ | - કર | મુખ | - ચહેરો, વદન |
| ભેટ | - સોગાદ | પુરુષ | - નર |

## ૩. ટ, ઠ, ડ, ઢ વાળા શબ્દોનું પાઠમાંથી યોગ્ય વર્ગીકરણ કરો.

| (ટ) | (ઠ) | (ડ) | (ઢ) |
|---|---|---|---|
| ટપાલ | ઠોઠ | ડર | ઢાંકણું |
| ટોપલી | ઠળિયો | ડગલો | ઢીલું |

## ૪. નીચેના શબ્દોનો વર્ણ વિચ્છેદ કરો.

• spelling-system

કલાકાર = ક્ + અ + લ્ + આ + ક્ + આ + ર્ + અ

અકબર = અ + ક્ + અ + બ્ + અ + ર્ + અ

બીરબલ = બ્ + ઈ + ર્ + અ + બ્ + અ + લ્ + અ

## વિષય સંવર્ધન પ્રવૃત્તિ (Creative Activities)

૧. બીરબલની જેમ મુલ્લા નસરૂદ્દીન, તેનાલીરામ પોતાની બુદ્ધિમત્તા માટે પ્રસિદ્ધ છે. કોઈપણ એકના બે કિસ્સાઓ શોધીને વર્ગમાં સંભળાવો.

• story collection
• observation
• information collection
M.I. – linguistic

**સવિશેષ :**

બીરબલનું બીજું નામ શું હતું તેની માહિતી મેળવો.

*https://en.m.wikipedia.org/wiki/birbal*

# સ્વસ્થતાના સોનેરી સૂત્રો



૧. રાત્રે વહેલા જે સુઈ, વહેલા ઉઠે વીર,
બળ બુદ્ધિ ને ધન વધે, સુખમાં રહે શરીર.

૨. પહેલું સુખ તે જાતે નર્યા

૩. જેવું ખાય અન્ન, તેવું થાય મન;
જેવું પીએ પાણી, તેવી થાય વાણી.



૪. આહાર એજ ઔષધ છે, ત્યાં દવાનું શું કામ,
આહાર વિહાર અજ્ઞાનથી, દવાખાના છે જામ.

૫. મગ કહે હું લીલો દાણો, મારા ઉપર ચાંદું,
નિત્ય સેવન મારું કર તો માણસ ઉઠાડું માંદું.



૬. ચણો કહે હું ખરબચડો, પીળો રંગ જણાય,
રોજ પલાળી જો મને ખાય, તો ઘોડા જેવો થાય.